## જન્મદિને વધામણી



આદિત્ય જગદીશકુમાર પ્રજાપતિ
(૧૭-૧૦-૨૦૦૫) મો. ૯૯૦૪૦ ૪૮૬૧૫



સુરેશ પરમાર
પ્રશિક્ષક, આર્ટ ઓફ લિવિંગ
(૧૭-૧૦-૧૯૬૫) મો. ૯૪૨૬૩ ૦૦૩૦૩

# સ્કૂલ ઓફ એચિવર ખાતે ઍક્ટિવિટી ફિએસ્ટાનો આરંભ




ગાંધીનગર, તા. ૧૬

સ્કૂલ ઓફ એચિવર, માં પ્રતિવર્ષ 'એક્ટિવિટિ ફિએસ્ટા' કાર્યક્રમ બે સપ્તાહ સુધી ઉજવાય છે, જેમાં વિદ્યાર્થીઓ પોતાની પસંદગીની પ્રવૃત્તિઓમાં કુશળતા મેળવવા પ્રેક્ટિસ કરે છે.

આ વખતે જનરલ અવેરનેસ, ક્લે મોડલિંગ, સેન્ડ પ્લે, ક્રાફ્ટ, ડેકોરેશન, ચિત્રકલા, વિસરાયેલી રમતો, રંગોળી, સાયન્સ એક્સપીરિમેન્ટ્સ, રાઈટીંગ સ્કીલ, એરોબિક્સ, બેકરી, કૂકીંગ, નોન-ફાયર કૂકીંગ, કેલીગ્રાફી, એમ્બ્રોયડરી, મહેંદી, રોબોટિક્સ જેવી અવનવી પ્રવૃત્તિઓમાંથી મનગમતી પ્રવૃત્તિઓ પસંદ કરી વિદ્યાર્થીઓ 'ફિએસ્ટા' માં ભાગ લઈ રહ્યા છે. કાર્યક્રમ તા.૧૬ ઓક્ટોબર થી ૨૯ ઓક્ટોબર સુધી યોજાવાનો છે.

તા.૧૬ ઓક્ટોબરના રોજ 'એક્ટિવિટી ફિએસ્ટા'નો ઉદ્‌ઘાટન સમારંભ માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ આર.આઈ.પટેલ તથા માધ્યમિક શિક્ષણ બોર્ડ (પરીક્ષા વિભાગ)ના ડેપ્યુટી ડાયરેક્ટર વી.આર.ગોસાઈના અતિથિપદે યોજાઈ ગયો.

મશાલ પ્રજ્જ્વલિત કરી તથા વિશિષ્ટ રીતે 'Activity Fiesta 2015 begins' ડીસ્પ્લે કરી બંને મહાનુભાવોએ કાર્યક્રમ ખુલ્લો મૂક્યો હતો. મેનેજિંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલે તથા પ્રિન્સીપાલ શ્રી અશોક વ્યાસે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. પ્રિન્સીપાલ સુશ્રી લલિતા અબ્રાહમ તથા વાઈસ પ્રિન્સીપાલ શ્રી જગદીશ સુથારે બંને મહાનુભાવોને સ્મૃતિચિહ્‌ન અર્પણ કરી ધન્યવાદ પ્રગટ કર્યા હતા.

આ સુઅવસરે શ્રી આર.આઈ.પટેલે 'ફિએસ્ટા' માટે શુભેચ્છા વ્યક્ત કરી વિદ્યાર્થીઓને મનભર સામેલ થઈ આનંદપૂર્વક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન પલ્લવી મહેતાએ કર્યું હતું.

# ચંદ્રાલા ખાતે જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ચંદ્રાલા ખાતે યોજાયું હતું. ત્રિદિવસીય આ પ્રદર્શનમાં જિલ્લાની શાળાઓએ ભાગ લઈ ૮૦ જેટલી કૃતિઓ રજૂ કરી હતી. આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં ખુલ્લા મૂકાયેલા આ પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકોએ બનાવેલી કૃતિઓથી સૌ આનંદિત થયા હતા અને સૌએ બાળકોને બિરદાવ્યાં હતાં.

ઉમા સંસ્કાર તીર્થ, ચંદ્રાલા ખાતે શુક્રવારે આ પ્રદર્શન સંપન્ન થયું હતું. સાબરકાંઠા જિલ્લાના પૂર્વ કલેક્ટર અને ઍસટી નિગમના ચૅરમૅન બી ઍચ ઘોડાસરાના અધ્યક્ષસ્થાને આ પ્રદર્શન ખુલ્લું મૂકાયું હતું. ગાંધીનગર જિલ્લામાંથી ૮૦ વૈજ્ઞાનિક કૃતિઓ રજૂ થઈ હતી, જેને હાજર સૌ કોઈએ આવકારીને બિરદાવી હતી. અધ્યક્ષસ્થાનેથી બોલતાં બી ઍચ ઘોડાસરાએ જણાવ્યું હતું કે બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવાય અને બાળ વૈજ્ઞાનિક અત્યારથી જ તૈયાર થાય તો ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બને તે બાબત ઉપર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી ઍસ ઍમ બારડે જણાવ્યું હતું કે જિલ્લાની તમામ શાળાઓ વતી ઉમા સંસ્કાર તીર્થ, ચંદ્રાલાએ આ જવાબદારી ઉપાડી શ્રેષ્ઠ કાર્યને પ્રોત્સાહિત કર્યું છે. ૨૧મી સદી વિજ્ઞાનની સદી છે તેથી આવા કાર્યક્રમને મહત્ત્વ અપાય તે ખૂબ જરૂરી છે.

સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી મનુભાઈ પંચવટીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને તમામ વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા અનુરોધ કર્યો હતો. ઉમા સંસ્કાર તીર્થના સ્થાપક પૂ. ભુરાદાદાને આ પ્રસંગે તેમણે ખાસ યાદ કર્યા હતા.

આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનને નિહાળવા જિલ્લાના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. યજમાન સંસ્થા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
પ્યાર કા પંચનામા
૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૨૫, ૬.૩૦
જઝ્બા
૬.૩૦

**સ્ક્રીન-૩**
તલવાર
૧૦.૩૦, ૪.૦૦, ૯.૩૦
વેડિંગ પુલાવ
૧.૨૦, ૬.૫૦

**સ્ક્રીન-૪**
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૩૦
જઝ્બા
૧.૪૫
બાંકે કી ક્રેઝી બારાત
૭.૩૦

## વાવોલમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૬

હરીમંડળ, વાવોલ દ્વારા શનિવારના રોજ હરીનગર ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

સીમાબેન ચૌહાણના નિવાસ સ્થાન, બી-૧૫, હરીનગર ખાતે બપોરે ૨.૩૦થી ૫.૩૦ દરમ્યાન આનંદનો ગરબો યોજવામાં આવશે, જેનો લાભ લેવા સૌ ભાવિકોને ઈજન પાઠવવામાં આવ્યું છે.

## ગાંધીનગરમાં આજે આંતરરાષ્ટ્રીય ગરીબી ઉન્મૂલન દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૬

ગીવ ગ્લોબલી ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર શહેરમાં શનિવારે આંતરરાષ્ટ્રીય ગરીબી ઉન્મલૂન દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. હૉટલ કૅપિટલ ગોલ્ડન જ્વૅલ, સૅક્ટર-૨૬ ખાતે સાંજે ૭.૩૦થી ૯.૩૦ દરમ્યાન આયોજિત આ કાર્યક્રમમાં ગીવ ગ્લોબલી ઑફિસ, અમેરિકાના વક્તા ઉપસ્થિત રહેશે અને ૨૦૧૫ સુધીમાં ગરીબીના સંપૂર્ણ ઉન્મૂલન માટે વ્યાખ્યાન આપશે. ગરીબી ઉન્મૂલન અંગે આગામી જાન્યુઆરી માસ દરમ્યાન એક આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સ પણ ન્યૂ યૉર્ક, અમેરિકા ખાતે આયોજિત કરવામાં આવી રહી છે, જે અંગેની માહિતી પણ આ પ્રસંગે આપવામાં આવશે.

# મહિલા સિવણ વર્ગ ખાતે ગરબા કાર્યક્રમ



નવરાત્રીનું પર્વ એ આપણે ત્યાં જેટલા દિવસનું હોય છે એના કરતાં એ ઉજવાય છે વધુ. નવ રાત્રી દરમ્યાન તો નવરાત્રી ઉજવાય જ છે, પરંતુ એ ઉપરાંત દિવસના ભાગેય એની ઉજવણી આપણે સુપેરે કરી લઈએ છીએ. શેરીમાં કે પાર્ટી પ્લૉટમાં રાત્રે યોજાતા ગરબા ઉપરાંત દિવસના ભાગે સંસ્થાકીય રીતે પણ આપણે ત્યાં ગરબા કાર્યક્રમ યોજાતા હોય છે. આ તસવીરો એવી જ પળોની સાક્ષી છે.

અમદાવાદ જિલ્લા સમાજકલ્યાણ સંઘ સંચાલિત અને સૅક્ટર-૨૨માં કાર્યરત ગાંધીનગર શહેરના સૌથી જૂના મહિલા સિવણ વર્ગ ખાતે તાલીમાર્થી બહેનો માટે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર તથા આસપાસનાં ગામોમાંથી આવતી યુવા બહેનોએ આ ગરબા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમની સાથે સંસ્થાનાં સ્ટાફ મૅમ્બર્સ પણ જોડાયા હતા. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# સચિવાલય આંતર વિભાગીય કૅરમ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

સચિવાલય કલ્યાણ સમિતિ, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તાજેતરમાં આંતર વિભાગીય કૅરમ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં કર્મચારી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

પુરૂષ સિંગલ્સ વિભાગમાં સામાન્ય વહીવટ વિભાગના વિનોદકુમાર ટી જોષી વિજેતા થયા હતા અને મહિલા બાળ વિકાસ વિભાગના દશરથ નાયી રનર્સ-અપ બન્યા હતા. મહિલા સિંગલ્સ વિભાગમાં મહિલા અને બાળ વિભાગનાં પૂર્ણિમાબેન પીઠવા વિજેતા તથા નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગના કીર્તિબેન મહેતા રનર્સ-અપ બન્યાં હતાં. પુરૂષ ડબલ્સ વિભાગમાં શિક્ષણ વિભાગના શૈલેષ મજમુદાર અને મહેસૂલ વિભાગના પરેશ ગટાડ વિજેતા તથા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઈરફાન લાલીવાલા અને મહિલા બાળ વિકાસ વિભાગના દશરથ નાયી રનર્સ-અપ બન્યા હતા.

મહિલા ડબલ્સ વિભાગમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગનાં કીર્તિબેન મહેતા અને જયશ્રીબેન શાહ વિજેતા તથા મહિલા અને બાળ વિકાસ વિભાગની અંજનાબેન ક્રિશ્ચિયન અને નર્મદા જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગના લક્ષ્મીબેન વાધવાણી રનર્સ-અપ બન્યાં હતાં.

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૬

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, અમદાવાદ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનો એક કાર્યક્રમ દશેરાના રોજ યોજવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી આપતાં સમાજના પ્રમુખ મગનભાઈ જાવિએ જણાવ્યું છે કે તા. ૨૨ ઑક્ટોબર ને ગુરવારે ટાગોર હૉલ, પાલડી ખાતે બપોરે ૩થી ૬ કલાક દરમ્યાન આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૫માં ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ બૉર્ડની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનો અને યુનિવર્સિટી તથા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની ફાઈનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા સમાજનાં બાળકોનું સન્માન કરી તેમને ઈનામો તથા મૅડલ એનાયત કરવામાં આવશે.

આ પ્રસંગે સમાજનાં બાળકોની વક્તૃત્ત્વ કળા ખીલે તે માટે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેમાં યોગ્યતાના ધોરણે વિદ્યાર્થીઓને બોલવાની તક આપવામાં આવશે.

ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે '(૧) મોંઘવારી આ દેશને ક્યાં લઈ જશે ? (૨) સામાજિક મીડિયા સમાજ માટે હાનિકારક કે ફાયદાકારક ?' અને કૉલેજના વિદ્યાર્થીઓ માટે '(૧) અનામત વગર ભારતનું ભાવિ તથા (૨) એક હતા મિસાઈલમૅન અબ્દુલકલામ' વિષય નિયત કરવામાં આવ્યો છે.

# ૨૦૩૦ સુધીમાં ગરીબીનું ઉન્મૂલન કરવાની નેમ

## આજે ગરીબી નિવારણ દિવસ : ગરીબી અને ભેદભાવને સમાપ્ત કરવા સજાગ થઈએ

યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૭મી ઑક્ટોબરના દિવસને ગરીબી ઉન્મૂલન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૯૩થી આ દિવસની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો છે, તેને વિશ્વ ગરીબી દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉજવણીથી વિશ્વભરમાં ગરીબી નાબૂદ કરવાના પ્રયાસોને બળ મળે છે એમ માનવામાં આવે છે.

સરકારી, બિન સરકારી કે સ્વૈચ્છિક, સામાજિક સંસ્થાઓ પણ આ દિવસની ઉજવણી વિવિધ કાર્યક્રમોના માધ્યમથી કરે છે. સૌનો હેતુ એક જ છે, ગરીબીનું નિર્મૂલન.


આ વખતના ગરીબી દિવસની થીમ રાખવામાં આવી છે : એક ટકાઉ ભવિષ્યનું નિર્માણ : ગરીબી અને ભેદભાવને સમાપ્ત કરવા એકસાથે આવી રહ્યા છીએ.

આ સાથે જ ગરીબી ઉન્મૂલન માટે ૨૦૩૦નું લક્ષ્ણ નિર્ધારણ કરવામાં આવ્યું છે. મતલબ કે ૨૦૩૦ સુધીમાં દરેક દેશમાંથી ગરીબીનું નિર્મૂલન કરવામાં આવશે. સરકાર અને સમાજ એ બંનેની આ માટે જવાબદારી સ્વીકારવામાં આવી છે, બંનેએ સાથે મળીને આ માટે પ્રયાસ કરવાનો છે.

શિક્ષા, વિજ્ઞાન, સંસ્કૃતિ અને માહિતી એ ગરીબી નિર્મૂલનનાં આધુનિક સાધનો છે. સાથે સાથે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનું છે કે નાની તો નાની, પણ દરેક વ્યક્તિને રોજગારી મળી રહે. અલબત્ત, આ માટે રોજગારી આપનારની માફક રોજગારી લેનારની પણ તૈયારી હોવી આવશ્યક છે.

ભારતમાં ગરીબી માટે ચાર કારણોને મુખ્યત્વે જવાબદાર માનવામાં આવે છે, જેમાં હવામાનમાં આવતા ફેરફાર, જનસંખ્યાનાં કારણો (વસતી વધારો, કુટુંબનું કદ), અંગત કારણો (અભિપ્રેરણનો અભાવ, આળસ) અને આર્થિક કારણો (ઓછી કૃષિ ઉપજ, જમીન અને અન્ય સંપત્તિની અપ્રમાણસર વહેંચણી, ગ્રામોદ્યોગની ઘટતી સંખ્યા, શ્રમિકો દ્વારા સ્થાનાંતરણનો ઈનકાર, રોજગારીની તકોનો અભાવ) જવાબદાર છે.






આપણે ત્યાં અલબત્ત, ગરીબો પ્રત્યે હમદર્દી ખૂબ છે અને ગરીબોને આપણે ત્યાં સખાવતો પણ ખુલ્લા હાથે થાય છે. પરંતુ, એક નક્કર હકીકત એ છે કે જ્યાં સુધી ગરીબોને ભીખ મળતી રહેશે ત્યાં સુધી એ કામ નહીં જ કરે.

દયાભાવના એક તરફ છે અને સચ્ચાઈ બીજી તરફ. ગરીબને જોઈને તમને દયા આવી જાય છે એ વાત સાચી, પરંતુ તમે એ દયાભાવનાથી પ્રેરાઈને એના હાથમાં એની લઘુત્તમ જરૂરિયાત જેટલા પૈસા મૂકી દો છો એ એના માટે જ ખરાબ કરો છો.

અને આપણા દેશમાં કામ કે રોજગારી સાવ નથી એવું પણ નથી. કામ તો છે, રોજગારી તો છે. પરંતુ, જેમને કરવું છે એમને 'સારું' જ કામ કરવું છે અને જેમને નથી જ કરવું એમને ગમે તેવું સારું કામ પણ નથી જ કરવું. નામુક્કરાઈ એમને કોઠે પડી ગઈ છે.

આજે, સુરત, બરોડા, ગાંધીનગર અને અમદાવાદ જેવા શિક્ષિત, રાજ્યના અગ્રણી ગણાતાં શહેરોમાં પણ ગરીબોની સંખ્યા ઉડીને આંખે વળગે એવી છે. બાળક એના પગ ઉપર ચાલતુંય ના થયું હોય ને ભીખ માગવા માટે એને તાલીમ આપી દેવામાં આવે છે. ચાલતા બાળકની ક્યાં વાત છે ? બાળક પેટમાં હોય ને માતા ભીખ માગવા નીકળી પડે એવાં દશ્યો આપણે ત્યાં જ જોવા મળે છે.

મૂળ વાત એ છે કે શ્રમનો મહિમા કે માનવ કલાકોનો મહિમા આપણે ત્યાં છે જ નહીં. મોટી વસતી અને રોજગારીની ઓછી તકોને કારણે માનવ કલાક જેવા શબ્દોનો તો અર્થ પણ આપણા દેશને ખબર નથી.

જે લોકો શ્રમ કરવા માટે અશક્ત છે, શારીરિક કે માનસિક ક્ષમતા ધરાવતા નથી એમના માટે દયાભાવના દાખવીને એમને મદદ કરવી યોગ્ય છે, પરંતુ સંપૂર્ણ સ્વસ્થ લોકો પણ બેધડક ભીખ માગતા હોય છે અને ભીખ માગવી કે મગાવવી એ આપણે ત્યાં હવે એક નફાકારક બિઝનેસ છે એ વાત પણ આપણે જાણીએ છીએ. થોડાં વર્ષો પહેલાં મુંબઈનો એક ભિખારી બિનવારસી મર્યો ત્યારે એની જે બચત સરકારના હાથમાં આવી એનાથી સરકાર પણ ચોંકી ગઈ હતી - પૂરા ૮૫ લાખ રૂપિયા હતા !

એક ભિખારી પાસે આટલા રૂપિયાની બચત હતી !

મંદિરના પગથિયાં પાસે બેઠેલા જે ભિખારીને આપણે એક રૂપિયો કે બે રૂપિયા આપીએ છીએ એ સાંજ પડ્યે આપણા જેવા ૪૦૦-૫૦૦ વ્યક્તિઓ મળીને સરવાળે ૮૦૦-૧૦૦૦ રૂપિયા થઈ જાય છે ! ટીપે ટીપે સરોવર ભરાય એ આનું નામ !

શિક્ષણના માધ્યમથી, કાઉન્સેલીંગના માધ્યમથી, શ્રમનું મહત્ત્વ સમજાવીને તથા રોજગારીની નાની-નાની તકો ઉભી કરીને લોકોને એ માટે પ્રેરવાની જરૂર છે. 'સાચું જીવન એ શ્રમિકનું જીવન છે.' ગાંધીજીના આ વિચારને પ્રસારવાની જરૂર છે. તો ગરીબીનું ઉન્મૂલન આપણે કરી શકીશું, અન્યથા ગરીબી પણ ખુલ્લેઆમ બિઝનેસ બનીને વકરતી જશે એ દિવસો દૂર નથી.



ગાંધીનગર શહેરના સૅક્ટર-૭ સીના રહેવાસી નરેન્દ્રભાઈ રાવલ છેલ્લાં ત્રણ વર્ષથી પોતાના જન્મદિવસ નિમિત્તે જાહેરમાં સફાઈ અભિયાન યોજે છે. શુક્રવારે તેમણે પોતાના જન્મદિવસ નિમિત્તે આ ક્રમ જાળવ્યો હતો અને જાહેર રસ્તાઓની સફાઈ કરી હતી. **(તસવીર : કશ્યપ નિમાવત)**